# 55

### ઉંઝા એ.પી.એમ.સી.માં સેસ કૌભાંડ

*15/4/2244 : **ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ)**:** ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૯/૦૩/૨૦૨૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૩૭૨૯૫ (અગ્રતા–૧૦૫)ના અનુસંધાને **માનનીય સહકાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :–

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | સન ૨૦૨૦ ના વર્ષમાં ઉંઝા એ.પી.એમ.સી.માં થયેલ ૧૫ કરોડના સેસ કેસ કૌભાંડની તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ થઈ? | (૧) નાયબ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા દ્વારા તા.૦૯/૦૭/૨૦૨૧ ના રોજ તપાસ અહેવાલ તથા તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ વધારાની વિગતો રજૂ થયેલ છે. |
| (૨) | તપાસ દરમિયાન સેસ કેસ કૌભાંડમાં કેટલી રકમનું કૌભાંડ થયાનું સામે આવ્યું, અને | (૨) રજૂ થયેલ તપાસ અહેવાલ મુજબ અરજદારશ્રીની રજૂઆતને બજાર સમિતિના રેકર્ડથી સમર્થન મળતું નથી તેમ જણાવેલ છે. |
| (૩) | તે અન્વયે સરકારે જવાબદારો સામે શા પગલાં લીધા? | (૩) ઉક્ત અનુ. નં. ૨ મુજબ<br>વળી આ બાબતે નામ. હાઈકોર્ટમાં એસ.સી.આર.એ. – ૫૦૭૭/૨૦૨૧ અને ૫૦૯૭/૨૦૨૧ દાખલ થયેલ હોઈ, મેટર સબ જ્યુડીશ છે. |

---